# પ્રાંતિજ ખાતે ખેડૂતોને પોષણ ભાવ ન મળતા નેશનલ હાઈવે બ્લોક કર્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે ખેડૂતોને ડાંગરનો પોષાણ ભાવ ન મળતા હરાજી બંધ કરાવી હોબાળો કરી નેશનલ હાઈવે આઠ બ્લોક કર્યો હતો. હાલ તો ખેડૂતોની હાલત કફોડી બની છે. એક બાજુ અતિવૃષ્ટી તો બીજી બાજુ કમોસમી વરસાદ પડતા તૈયાર થયેલ ડાંગરના પાકને પોષણ ભાવ ન મળતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. સરકાર દ્વારા ટેકાનો ભાવ-૩૬૩ રૂપિયા જાહેર કર્યા છે ડાંગરની ખરીદી કરવાનું જણાવવામાં આવ્યું છે વેપારીઓ દ્વારા ખરીદી કરવામાં આવતી નથી અને ૨૪૦ થી ૨૮૦ સુધીમાં પ્રાંતિજ માર્કેટયાર્ડમાં વેપારીઓ દ્વારા ડાંગરની ખરીદી થતાં ખેડૂતોએ હરાજી બંધ કરાવી હતી. ખેડૂતોને પોષણ ભાવ ના





મળતા ખેડૂતોએ કાયદો હાથમાં લેતા માર્કેટ યાર્ડ બહાર જ ને. હાઈવે-૮ પર ટ્રેક્ટરો આડા મુકી દેતાં નેશનલ હાઈવે ૮ બ્લોક કર્યો હતો. વાહનોની લાંબી લાઈનો લાગતા પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત કાફલા સાથે દોડી આવ્યા હતા અને ખેડૂતોને સમજાવીને નેશનલ હાઈવે આઠ ખુલ્લો કર્યો હતો. બીજી તરફ એક પણ દિવસ માટે સરકારી પ્રતિનિધિ અહીં ડોકીયુ કરવા પણ આવ્યા ન હોવાનું ખેડૂતો વેપારીઓ જણાવી રહ્યાં છે. તો વેપારીઓ પણ માલ સારો ના હોવાના ગાણા ગાઈને ઉંચો ભાવ આપી શકતા નથી ત્યારે ખેડૂતોને પોષણ ભાવના મળતા ખેડૂતો આંદોલન કરવાના મુડમાં છે, ત્યારે શું ખેડૂતોને પોષણ ભાવ મળશે ખરો એ તો હવે જોવું રહ્યું.







## ડીસાના અજાપુરા ગામે નીલ ગાયનો ખેડૂત પર હુમલો

ડીસા, તા. ૧૯

ડીસા નજીકના અજાપુરા ગામે વહેલી સવારે એક ખેડૂત પર અચાનક આવી ચડેલી નિલગાયે એકાએક હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી જેથી ગંભીર રીતે ઘાયલ ખેડૂતને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

ડીસા નજીક આવેલા અજાપુરા ગામ નજીકના વિસ્તારમાં રહેતા લોકો મોટાભાગે ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે પરંતુ ખેતીના કારણે અહીં અવારનવાર નિલ ગાયો પણ જોવા મળે છે. આ નિલગાયો ખેતીના પાકને પણ મોટાપાયે નુકસાન કરતી હોય છે. ગત મંગળવારે સવારે અજાપુરા ગામે રહેતા ભરતભાઈ મફાજી માળી મોંર્નિંગ વોક ઉપર નીકળ્યા હતા તે દરમિયાન અચાનક આવી ચડેલ એક નીલ ગાયે તેમના ઉપર હુમલો કર્યો હતો. અચાનક હુમલાથી ગભરાઈ ગયેલા ભરતભાઈ નીચે પટકાયા હતા તેમ છતાં નીલગાયે હુમલો ચાલુ રાખતા તેમના પેટ અને સાથળના ભાગે સિંગડા વાગતા તેઓ બુમો પાડતા આસપાસના લોકો દોડી આવી તેમને છોડાવ્યા હતા અને ૧૦૮ મોબાઈલ વાન બોલાવી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા જ્યાં વધુ સારવારની જરૂર હોઈ ખાનગી હોસ્પિટલમાં ખસેડયા હતા. જ્યાં તેમની સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી. આ મામલે સ્થાનિક ભરતભાઈના સગાએ જણાવ્યું હતું કે આ નીલગાયે અગાઉ પણ ખેડૂતને ઈજાઓ પહોંચાડી હતી.



શ્રી ધાન્ધાર મોઢ મોદી સમાજ સંચાલિત ડોનર્સ ક્લબના એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું .જેમાં ડોનર્સ ક્લબના મેમ્બરોએ મોટી સંખ્યામાં ભાગ લીધો. પૃથ્વીનો છેડો ઘર ભલે કહ્યો હોય, પણ પ્રવાસનું જીવનમાં ઘણું જ મહત્વ છે. નાના-મોટા દરેક પ્રવાસ આપણને કંઈક ને કંઈક શીખવે છે, પ્રવાસ આપણને દરેક પરિસ્થિતિમાં સાથે રહેતા શીખવે છે.પ્રવાસ સાથે સમાજને પણ કંઈક આપી છૂટવાની ભાવના હોય તો પ્રવાસ કરવાની કંઈક ઓર જ મજા હોય છે . આવા જ એક સમાજ ભાવના સાથેના પ્રવાસનું આયોજન ડોનર્સ કલબના મેમ્બરો દ્વારા કરવામાં આવ્યું હતું .જેમાં એક દિવસીય પ્રવાસમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ,દત્ત મંદિર, નિલકંઠ ધામ પોઈચા વગેરે સ્થળોએ પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન ત્રણ સુંદર પ્રોગ્રામ આપવા બદલ ડોનર્સ ક્લબના મેમ્બરોએ ડોનર્સ ક્લબ કમિટીનો ખૂબ જ આભાર માન્યો હતો. ડોનર્સ ક્લબ કમિટી દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું કે આજે આપણને એક વર્ષ પૂરું થયું છે ,જેમાં વર્ષ દરમિયાન ત્રણ સુંદર પ્રોગ્રામો કરવામાં આવ્યા,જેમાં ડોનર્સ ક્લબના મેમ્બરોએ જે સાથ અને સહકાર આપ્યો તે બદલ ડોનર્સ ક્લબ કમિટી તેમનો પણ ખૂબ જ આભાર માને છે, અને વધુમાં જણાવ્યું કે આવતા વર્ષે આના કરતાં પણ વધુ સારા પ્રોગ્રામનું આયોજન આપણે સૌ સાથે મળીને કરીશું અને સમાજને પણ મદદરૂપ બનતાં રહીશું.

## મોડાસા શહેરમાં પોલીસતંત્ર અને વાહનો ટોઈંગ કરતી એજન્સીની બેધારી નીતિથી વાહનચાલકોમાં આક્રોશ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી ટ્રાફિકની સમસ્યા સમસ્યા હલ કરવા રોડ પર ખડકાયેલા વાહનોને ટોઈંગ કરવાની કામગીરી ખાનગી એજન્સીને સોંપવા છતાં ટોઈંગ રોડ પર ખડકાયેલા આડેધડ વાહનોને ટોઈંગ કરી મનફાવે તેમ દંડ વસુલાત કરતા વાહનચાલકો અને ટોઈંગ એજન્સીના વાહનચાલકોએ વાહનો ક્યાં પાર્કિંગ કરવા એ યક્ષ પ્રશ્ન બન્યો છે. મંદીના માહોલમાં ખરીદી કરવા આવતા વાહનચાલકો સામે ટ્રાફિકનો ડંડો







શિરદર્દ સમાન બની છે. શહેરના મુખ્ય માર્ગોની આજુબાજુ ટાઉનપ્લાનિંગના નિયમોનું ઉલ્લંઘન કરી આડેધડ પાર્કિંગ વગર તાણી બંધાયેલા કોમ્પ્લેક્ષના લીધે ખરીદી કરવા આવતા વાહનચાલકો આડેધડ પાર્કિંગ કરતા હોવાની સાથે રોડ પર અડિંગો જમાવટ ફેરિયાઓ અને પથારાવાળોના લીધે સ્થાનિક તંત્રનો વહીવટ ખાડે જતા ટ્રાફિકનો પ્રશ્ન પેચીદો બન્યો છે.

મોડાસા શહેરમાં ટ્રાફિકની એજન્સી અને પોલીસતંત્રની બેધારી નીતિના પગલે ફક્ત વાહનચાલકોને દંડવામા આવતા અને હાથ લારીઓ અને પથારાવાળા સામે ઘૂંટણિયે પડી જતા વાહનચાલકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. ચાર રસ્તાથી કોલેજ રોડ પર ફેરિયાઓનું અને પાથરણાવાળાઓનું સામ્રાજય યથાવત રહેતા ટ્રાફિકની સમસ્યા ઠેર ને ઠેર જોવા મળી રહી છે.

મોડાસા શહેરમાં ટ્રાફિકનું નિયંત્રણ કરનાર ટોઈંગ એજન્સી કર્મચારીઓ વચ્ચે તું...તું...મૈં...મૈં ની ઘટનાઓ સામાન્ય બની છે. વાહનચાલકોના જણાવ્યા અનુસાર ટોઈંગ એજન્સીના કર્મચારીઓ અને સ્થાનિક પોલીસતંત્ર રોડ પર અડિંગો જમાવી ઉભા રહેતા ફેરિયાઓની હાથલારીઓ અને પથારાવાળા સામે કાયદાકીય કાર્યવાહી કરવાની જગ્યાએ રક્ષણ પૂરું પાડતા હોવાનો આક્ષેપ કરી પાર્કિંગ લાઈન અને ફૂટપાથ પર ઉભા રહેતા ફેરિયાઓ અને દુકાનદારોએ પાર્કિંગ લાઈન સુધી જગ્યા રોકી રાખતા અને ટોઈંગવાન દ્વારા વાહનો ટોઈંગ કરી મસમોટો દંડ ખંખેરી લેતા હાલત કફોડી બની છે.

મોડાસા શહેરના અગ્રણી શહેરીજનો અને વાહનચાલકોમાં શહેરના મુખ્યમાર્ગો પર ખડકાયેલી ફેરિયાઓની હાથલારીઓ અને પાથરણાવાળા સામે અને દુકાનો આગળ રાખી મુકતા દુકાનદારો સામે દંડાત્મક કાર્યવાહી કર્યા પછી વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવેની માંગ ઉગ્ર બની છે.





### ડીસામાં ફરી વાદળછાયા વાતાવરણના પગલે ખેડૂતો ચિંતિત

ડીસા પંથકમાં ચાલુ વર્ષે સતત કમોસમી વરસાદ વરસતા મોટાભાગનો ચોમાસુ પાક નિષ્ફળ નીવડ્યો છે જેથી ખેડૂત પાયમાલ થયો છે. હાલમાં શિયાળુ સિઝન શરૂ થઈ ચૂકી છે અને બટાકા, ઘઉં, જીરૂ જેવા પાકો વાવવાના પણ શ્રીગણેશ થઈ ચૂક્યા છે ત્યારે ડીસા પંથકમાં ફરી એકવાર હવામાનમાં પલટો આવતા વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ થઈ જતા ખેડૂતો ચિંતિત બન્યા છે. જો કમોસમી વરસાદ પડે તો બટાકા સહિતના પાકોના બિયારણ અને વાવેતરને પણ મોટું નુકસાન થવાની ભીતિ સર્જાઈ છે. જો કે આ મામલે હવામાન કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે એકાદ બે દિવસ વાદળ છવાયેલા રહેશે પરંતુ વરસાદ કે માવઠું પડવાની શક્યતા નહિવત છે. ડીસા પંથકમાં ચોમાસુ સિઝનની વિદાય બાદ પણ કમોસમી વરસાદ અવારનવાર ખાબકી રહ્યો છે જેના કારણે વ્યાપક નુકશાનથી ખેડૂતો પાયમાલ થઈ ગયા છે.

## ડીસાની હિમાલય સોસાયટીમાં રહેતા શિક્ષકના મકાનમાં ચોરી

ડીસા

ડીસાની હિમાલય સોસાયટીમાં રહેતા શિક્ષક વેકેશન દરમિયાન બહાર જતા તેમના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ નોકરીના જરુરી કાગળો, લોન પપેર સહિત મોબાઈલ ચોરી જતા શિક્ષકે દક્ષિણ પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર ડીસાની હિમાલય સોસાયટીમાં રહેતા અને શિક્ષક તરીકે ફરજ બજાવતા દિલીપકુમાર ધૂલાભાઈ રાઠોડ દિવાળીના વેકેશન દરમિયાન ગત તારીખ ૨૪/૧૦/૨૦૧૯ ના રોજ પોતાના વતન વિસનગર નજીક કુવાસણ ગયા હતા અને તારીખ ૯/૧૧/૨૦૧૯ ના રોજ તેમની પાડોશમાં રહેતા દિલીપભાઈએ ફોન કરી જણાવેલ કે તમારા મકાનનો દરવાજો ખુલ્લો છે અને તાળું તૂટેલું છે જેથી તેઓ ડીસા આવી મકાનમાં તપાસ કરતા તિજોરીમાં પડેલ નોકરીના ઓરીજનલ ડોક્યુમેન્ટ, મકાન નોં દસ્તાવેજ, તેની લોનના તમામ કાગળો, નોકરીમાં હાજર થવાનો ઈન્ટરવ્યૂ કૉલ લેટર અને એક સાદો મોબાઈલ ફોન ચોરી થયાનું માલુમ પડતા આ મામલે તેમણે ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી પોલીસે દિલીપભાઈની ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.




### પાલનપુર માળી સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ

પાલનપુર માળી સમાજ દ્વારા પાલનપુર ખાતે સમગ્ર ભારતમાં વસતા માળી સમાજના લોકો માં ભાઈચારો, એકતા અને સંગઠિતા જળવાઈ રહે એ હેતુથી માળી સમાજ ક્રિકેટ પ્રીમિયર લીગ - ૨૦૧૯ નું આયોજન પાલનપુર જ્યોર્જ ફિફ્થ કલબ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યોની કુલ ૧૬ ટીમો એ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટ ની ફાઈનલ મેચ મુંબઈ ઈલેવન અને મામાજી ઈલેવન રાજસ્થાન વચ્ચે યોજાઈ હતી જેમાં મુંબઈ ઈલેવનનો ભવ્ય વિજય થયો હતો. જેમાં વિજેતા ટીમને ૪૧૦૦૦ રૂપિયા નું પુરસ્કાર તેમજ ટ્રોફી તેમજ રનર્સઅપ ટીમને ૨૧૦૦૦ રોકડ ઈનામ તેમજ ટ્રોફી આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન માળી સમાજ પાલનપુર દ્વારા બહારથી આવેલ સમાજના ભાઈઓને કોઈ તકલીફ ન પડે તે માટેનું પણ પૂરતું આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટને સફળ બનાવવા સમાજના પ્રમુખ હર્ષદભાઈ માળી, ગુજરાત સરકારના વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી,પાલનપુર સમાચારના તંત્રી દેવેન્દ્રકુમાર મંડોરા, ડીસા પાલિકાના પુર્વ પ્રમુખ પ્રવિણભાઈ માળી, ડીસાના દેવુભાઈ સોલંકી, પુર્વ પાલનપુર નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, અશોકભાઈ સોલંકી સહિત માળી સમાજના આગેવાનો અને સમાજના ભાઈઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર તાલુકામાં ૪૦ કરોડના ખર્ચે માર્ગો, કોઝવે, પુલોના કામો હાથ ધરાશે

## ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાની અસરકારક રજૂઆતના ફળસ્વરૂપે કામો મંજુર થતાં ગામડાઓમાં ખુશાલી

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર તાલુકામાં નવીન રસ્તાઓ બનાવવા , પહોળા કરવા, રિસરફેસિંગ, કૉઝવે, પુલો તેમજ પ્રોટેક્શન દિવાલ વગેરે કામગીરી માટે સરકાર દ્વારા રૂ.૪૦ કરોડની મંજૂરી મળતાં હિંમતનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓના મજબુતીકરણ અને નવીન રસ્તાઓ બનાવવા માટે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ રાજયના નાયબ મુખ્ય મંત્રી અને માર્ગ મકાન મંત્રી નીતિનભાઈ પટેલને દરખાસ્ત મોકલતાં સરકારે આ કામો રૂ. ૪૦ કરોડના ખર્ચે રસ્તાઓના વિવિધ કામોની મજૂરી આપી જોબ નંબર આપી દેવામાં આવતા આવનારા સમયમાં હિંમતનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રસ્તાઓની સુવિધાઓમાં વધારો થશે.

તાલુકાના જુદા જુદા ગામોમાં રસ્તાઓ અને પુલના કામો માટે રૂ.૪૦ કરોડ મંજુર થવા બાબતે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, તાલુકાના એક એક ગામને પાકા રસ્તાઓથી જોડી ખેતી તેમજ પશુપાલન ક્ષેત્રે તાલુકાનો વિકાસ થાય તેમજ ખેડૂત અને પશુપાલક તેમજ ગામડાના એક એક વ્યકિતને રોજગારી પ્રાપ્ત થાય તેવા આશય સાથે સરકાર દવારા રસ્તાઓના કામ માટે રૂ.૪૦ કરોડ મંજુર કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ગ્રામ સડક અને અન્ય યોજનાઓ અન્વયે મંજુર કરાયેલા રસ્તાના આ કામો હાથ ધરવા સરકાર દ્વારા સબંધિત કાર્યપાલક ઈજનેરોને સૂચના આપવામાં આવી હોઈ ટૂંક સમયમાં આ કામો હાથ ધરવામાં આવશે.

તાલુકામાં જે રસ્તાઓની મંજૂરી મળી છે. જેમાં રૂ.૧૧.૧૦ કરોડ કાચાથી ડામર રોડ માટે જયારે ડામર રોડ બન્યાને ૭ વર્ષનો સમય થઈ ગયો છે તેવા દેધરોટા એપ્રોચ, સાકરોડિયા એપ્રોચ, આકોદરા પુરાલ, સુરજપુરા એપ્રોચ, હાથરોલ અદાપુર, હાંસલપુર એપ્રોચ, ઢબાલ એપ્રોચ, ધુલેટા(બામણા) એપ્રોચ, ચાંદરણી ગાંધીપુરા કંપા, કઠવાડિયા એપ્રોચ, ભુખ્યાડેરા વગડી રોડ, મોટી ડેમાઈ પ્રતાપપુરા રોડ, પ્રતાપપુરા લોખંડ રોડ, જગતપુરા આશાપુરી રોડ, ખાપરેટા નાંખી રોડ, જીવાપુર પ્રેમપુર રોડ, પ્રેમપુર એપ્રોચ રોડ, નરોડા હમીદપુર રોડ, ઘોરવાડા કણિયોલ રોડ, નવા અમરાપુર રોડ, કનાઈ વક્તાપુર રોડ, વક્તાપુર હનુમાનજી ટેમ્પલ ટુ હાંસલપુર અને પેથાપુર આરસોડિયા વગેરેનું રિસરફેસિંગના કામો માટે રૂ.૧૨.૪૦ કરોડ મંજુર કરવામાં આવ્યા છે.

કડોલી એપ્રોચ રોડ, હિંમતનગર મહાવીરનગર કાંકણોલ રોડ, હિંમતનગર બેરણા રોડ ગઢોડા આકોદરા રોડને પહોળો કરવા માટે રૂ.૭.૭૦ કરોડ મંજુર કરાયા છે.

જયારે આગીયોલ દેસાસણ રોડ, ખેડ વાવડી મોર ડુંગરા ખેડ રોડ, નરોડા એપ્રોચ રોડ, આડા હાથરોલ મોટી બેબાર રોડ, એસ એચ ટુ પીપલીયા રામપુર રોડ અને પેઢમાલા રોડ ઉપર આવેલા કોઝવે અને નાળા ઉપર કોઝવેને બદલે પુલ અને પ્રોટેકશન વોલ બનાવવાની કામગીરી માટે રૂ. ૭.૨૦ કરોડ મળી રૂ. ૪૦ કરોડના કામો મંજુર થયેલ છે.

### તાલુકામાં મંજુર થયેલ રસ્તાઓની વિગત

| રસ્તાનું નામ | કી.મી. | અંદાજીત રકમ |
| --- | --- | --- |
| સ્પીનીંગ મીલ વસાહત એપ્રોચ રોડ | ૧ | ૩૫ લાખ |
| મુનપુર ગામથી નવી વસાહત ભૈરવનાથ મંદિર રોડ | ૧.૩૦ | ૪૦ લાખ |
| પેથાપુર ગામે નવીન વસાહત રોડ | ૧.૫૦ | ૪૫ લાખ |
| રામપુર(કાંણીયોલ)બાયપાસ રોડ | ૦.૬૦ | ૩૦ લાખ |
| કોઠાથી ભાદરડી રોડ | ૧.૨૦ | ૪૫ લાખ |
| જવાનગઢ એપ્રોચ રોડ | ૧.૦૦ | ૩૦ લાખ |
| ગોકુલપુરા જોઈનિંગ વામોજ ગાંભોઈ રોડ | ૧.૦૦ | ૩૫ લાખ |
| ધાણધા ગામથી વનચેતના રોડ | ૧.૨૦ | ૫૦ લાખ |
| નાની બેબાર ગામતળ કાલયાણા રોડ | ૧.૬૦ | ૫૦ લાખ |
| કાનડાથી મુનપુર રોડ | ૪.૫૦ | ૧૪૦ લાખ |
| હાપાથી કાટવાડ રોડ | ૩.૦૦ | ૧૧૦ લાખ |
| ઈડર હાઈવેથી શીતલ મોટર્સથી ધાંણધા રોડ | ૦.૬૦૦ | ૩૫ લાખ |
| અંબાવાડાથી નવી વસાહત | ૧.૦૦ | ૩૫ લાખ |
| રાયપુરથી અડપોદરા | ૨.૨૦ | ૭૦ લાખ |
| કેવનથી મૂછની પાળ | ૧.૦૦ | ૪૦ લાખ |
| અમરાપુરથી સ્મશાન | ૦.૫૦૦ | ૨૫ લાખ |
| હાપાથી પોલાજપુર | ૪.૦૦ | ૧૨૦ લાખ |
| પોલાજપુરથી સ્મશાનગૃહ | ૦.૭૦ | ૨૫ લાખ |
| સાયબાપુરથી સ્મશાનગૃહ | ૧.૫૦ | ૪૦ લાખ |
| રામપુર(ગાંભોઈ )એપ્રોચ રોડ | ૧.૫૦ | ૧૧૦ લાખ |